# અરવલ્લી બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેના દ્વારા કલેક્ટરને આવેદનપત્ર અપાયુ

મોડાસા, તા. ૨૦

મહેસાણાના પાલવાસણમાં પાર્લરમાં ચોરી કરવાના આરોપસર ધરપકડ કરાયેલા બલોલના પાટીદાર યુવક કેતનનું કસ્ટોડિયલ ડેથની ઘટનાના સમગ્ર રાજ્ય અને પાટીદાર સમાજમાં ઘેરા પ્રત્યાઘાતો પડ્યા હતા. આ ઘટનામાં ફરીયાદીને ખૂન કેસ જેવા ગંભીર ગુનામાં સંડોવી ફરીયાદ થયાની બીજી મિનિટે ઈન્કવાયરીનો રીપોર્ટ આપતા પહેલા જ ધરપકડ કરવામાં આવતા અરવલ્લી જિલ્લા કલેક્ટર શાલીની અગ્રવાલને આવેદન પત્ર આપી ન્યાયની માંગ કરી હતી.



અરવલ્લી જિલ્લા બ્રહ્મભટ્ટ યુવા નવનિર્માણ સેના દ્વારા જિલ્લા કલેક્ટરને અપાયેલા આવેદન પત્રમાં જણાવ્યા મુજબ તાજેતરમાં કેતન પટેલના થયેલા કસ્ટોડિયલ ડેથની ઘટનાને બારોટ સમાજ વખોડી કાઢી વેદના વ્યક્ત કરે છે. પરંતુ માત્ર સમાજના એક વિશાળ સમુદાયને રાજી રાખવા નાની કોમના વયોવૃદ્ધ ફરીયાદી ભરત બારોટને ખૂન કેસમાં સંડોવી ફરીયાદ થવાની બીજી મિનિટે જ્યુડીશ્યલ ઈન્કવાયરીનો રીપોર્ટ આવ્યા પહેલા ધરપકડ કરવામાં આવતા હળાહળ અન્યાય કરવાની સાથે સરકાર સમાજમાં એવો દાખલો બેસાડવા માંગે છે કે વિશાળ સમુદાયના આધિપત્ય નીચે બીજા નાના સમાજો દબાઈ જશે. બારોટ સમાજના વ્યક્તિની સંડોવણી ખોટી રીતે કરવામાં આવી હોવાથી તેને મુક્ત કરવામાં નહી આવે તો આગામી સમયમાં આવનાર ચૂંટણીમાં ગંભીર પરીણામ ભોગનવાની તૈયારીઓ રાખજોની ગર્ભિત ધમકી બાદ જિલ્લા કલેકાટરને આવેદનપત્ર આપી યોગ્ય ન્યાયની માંગણી કરી હતી.

અરવલ્લી જિલ્લા બ્રહ્મભટ્ટ યુવા નવનિર્મીત સેનાના સહ કન્વીનર ચેતન બારોટ, આકાશ બારોટ, વાસુદેવ બારોટ, ચિરાગ બારોટ, નિલેષ બારોટ, અશ્વિન બારોટ સહીત મોટી સંખ્યામાં સમાજના યુવાનો અને અગ્રણીઓ ઉપસ્થિત રહી ખોટી રીતે કરાયેલી ધરપકડનો કલેક્ટર કચેરી ખાતે વિરોધ દર્શાવ્યો હતો.




૨૧મી જૂન વર્લ્ડ યોગા ડે નિમિત્તે મુકેશ પંડ્યાએ માચીશની સળીનો ઉપયોગ કરીને ઉચ્ચ શિખર પર બેસીને યોગ કરતા તેમજ દોરીનો ઉપયોગ કરીને ૧ રૂપિયાના સિક્કા ઉપર આવિજાય એવા યોગીની કલાકૃતિની રચના કરી છે.

# અમદાવાદ આજે યોગમાં વર્લ્ડ રેકોર્ડ કરવા સુસજ્જ

આવતીકાલે વિશ્વયોગ દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદ એક ઐતિહાસિક અને વિક્રમી ઘટનાનું સાક્ષી બનવા જઇ રહ્યું છે. આવતીકાલે અમદાવાદ બાબા રામદેવના સાનિધ્યમાં યોગમાં વર્લ્ડ રેકોર્ડ બનાવશે. જેમાં છેવાડાના સામાન્ય માનવીથી લઈ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ, મુખ્યમંત્રી વિજય રૂપાણી સહિતના તમામ ક્ષેત્રોના મહાનુભાવો આ ઐતિહાસિક યોગ શિબિરમાં જોડાશે અને યોગમય બનશે. આવતીકાલે જીએમડીસી ગ્રાઉન્ડ સહિતના છ મેદાનોમાં યોજાનાર યોગશિબિરમાં ત્રણથી પાંચ લાખની જનમેદની ઉમટવાની શકયતાઓ વ્યકત થઈ રહી છે. આવતીકાલના ઐતિહાસિક અને વર્લ્ડરેકોર્ડની ઘટનાને લઈ ગિનિસ બુક વર્લ્ડ રેકોર્ડઝની ટીમ અને તેના અધિકારીઓએ પણ ધામા નાંખી દીધા છે. આવતીકાલના યોગ કાર્યક્રમમાં એક, બે, પાંચ નહી પરંતુ ઘણા રેકોર્ડ બનવાના છે, જેમાં એકસાથે વિવિધ પ્રકારના યોગાસનથી માંડી લાખોની જનમેદની દ્વારા યોગ કરવા સહિતના અનેક રેકોર્ડની વણઝાર છે. છેલ્લા બે દિવસથી ચાલી રહેલા આ યોગ કાર્યક્રમમાં કેટલાક રેકોર્ડ તો બની પણ ગયા છે અને આવતીકાલે બીજા નવા રેકોર્ડ બનશે. આવતીકાલની વર્લ્ડરેકોર્ડની ઘટના અંગે બાબા રામદેવે જણાવ્યું હતું કે, આવતીકાલના વિશ્વવિક્રમને પગલે સમગ્ર દુનિયા તેની નોંધ લેશે અને સાથેસાથે અમદાવાદ ખાસ કરીને ગુજરાતનું ગૌરવ વિશ્વસ્તરે વધશે. આવતીકાલની ઐતિહાસિક યોગ શિબિરમાં રાજયભરમાંથી ત્રણ થી પાંચ લાખની જનમેદની ઉમટશે તેવી આશા વ્યકત કરતાં તેમણે ઉમેર્યું કે, આગંતુક શિબિરાર્થીઓને તકલીફ ના પડે તે હેતુથી ૧૦હજારથી વધુ સ્વયંસેવકોને તૈનાત કરાયા છે. આ સિવાય યોગની ક્રિયા વખતે યોગ્ય માર્ગદર્શન લોકોને પ્રાપ્ય બને તે હેતુથી દર ૨૦ જણાંએ એક ઈન્સ્ટ્રકટરની વ્યવસ્થા કરાઈ છે. આ સિવાય પીવાના પાણી અને આરોગ્ય વિષયક સેવા, પાવરફુલ સાઉન્ડ સીસ્ટમ ઉપરાંત શૌચાલયની પૂરતી વ્યવસ્થા પણ લોકો માટે કરાઈ છે. તેમણે જણાવ્યું કે, દરેક શિબિરાર્થીના ગળામાં બારકોડ વાળુ આઈકાર્ડ હશે, જેના કારણે આપોઆપ જ કાઉન્ટીંગ થઈ જશે કે, કેટલા લોકોએ ભાગ લીધો છે. બાબા રામદેવે ભારપૂર્વક જણાવ્યું હતું કે, યોગને તમારા જીવનમાં અનિવાર્ય રોજિંદી ક્રિયા બનાવી દો. યોગને જીવનમાં ઉતારવાથી તમે શરીરના કોઈપણ પ્રકારના રોગોને દૂર કરી શકશો.

# બનાસકાંઠા જિલ્લામાં ૧૦મીથી બાળ ફિલ્મોત્સવ યોજાશે

**સરકારી શાળાઓમાં ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતા બાળકોને સિનેમાઓમાં વિનામૂલ્યે ફિલ્મ બતાવાશે**

રાજયભરની સરકારી શાળાઓમાં ધોરણ-૬ થી ૮ માં અભ્યાસ કરતાં બાળકોને પ્રોત્સાહન અને પ્રેરણા આપવા તા.૧૦ થી ૧૫ જુલાઇ દરમ્યાન બાળ ફિલ્મોત્સવનું આયોજન રાજય સરકાર ધ્વારા કરવામાં આવ્યું છે. આ ફિલ્મોત્સવની ઉજવણી અંતર્ગત બનાસકાંઠા જિલ્લામાં કલેકટર દિલીપ રાણાની સુચના અનુસાર જિલ્લામાં આવેલ તમામ મલ્ટીપ્લેક્ષ અને સિંગલ સ્ક્રીન સિનેમાઓમાં દરરોજ એક બાળ ફિલ્મ વિનામૂલ્યે બતાવવામાં આવશે. રાજય સરકાર કક્ષાએથી સબંધિત ફિલ્મ નિર્માતાઓ સાથે તેઓની બાળ ફિલ્મ વિનામૂલ્યે પ્રદર્શિત કરવા માટે વિચાર વિમર્શ કરવામાં આવ્યો છે.

| ક્રમ | ચલચિત્રનું નામ | નિર્માતાનું નામ | ચલચિત્રનું વર્ષ |
|---|---|---|---|
| ૧ | ઈકબાલ | સુભાષ ધાઈ | ૨૦૦૫ |
| ૨ | ચિલ્લર પાર્ટી | રોની સ્ક્રુવાલા | ૨૦૧૧ |
| ૩ | સ્ટેનલી કા ડબ્બા | અમોલ ગુપ્તે ૨૦૧૧ | |
| ૪ | આઈ એમ કલામ | શાંતનુ મિશ્રા અને જીતેન્દ્ર મિશ્રા | ૨૦૧૧ |
| ૫ | ફેરારી કી સવારી | વિધુ વિનુ ચોપરા | ૨૦૧૨ |
| ૬ | જલપરી-ધ ડેસર્ટ મરમેઈડ | સુશીલ કુમાર અગ્રવાલ | ૨૦૧૨ |
| ૭ | હવા હવાઈ | અમોલ ગુપ્તે ૨૦૧૪ | |
| ૮ | ધનક | મનિષ મુન્દ્રા | ૨૦૧૫ |
| ૯ | મીશન મમ્મી-ગુજરાતી | નિગમ શાહ | ૨૦૧૬ |



## ખેડબ્રહ્મામાં કોંગ્રેસની બેઠક મળી

ખેડબ્રહ્મા ખાતે સોમવારે કોંગ્રેસની એક મીટીંગ સ્વામિ વિવેકાનંદ કોમ્યુનીટી હોલમાં મળી હતી. જેમાં ગુજરાત વિધાનસભાના દંડક અને સાબરકાંઠા પ્રભારી બલવંતસિંહ રાજપૂતના અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં આગામી વિધાનસભાની ચૂંટણી તૈયારીઓ કરવી, બુથ લેવલ સુધીના કામગીરી વિશે ચર્ચા કરવામાં આવી હતી. જેમાં જનકસિંહ વાઘેલા, પ્રવિણસિંહ સોલંકી, ભાવેન્દ્રસિંહ સોલંકી, જીજ્ઞેશભાઈ જોષી, અશ્વિનભાઈ કોટવાલ, નરેશભાઈ પટેલ, લીલાબેન ડાભી સહિત મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# કામધેનુ લિમિટેડે ‘કામધેનુ નેક્સ્ટ’ અમદાવાદમાં લોન્ચ કર્યું

હોમ બિલ્ડિંગ મટિરિયલ્સ માટે સંપૂર્ણ અને વન-સ્ટોપ સોલ્યુશન પૂરી પાડતી કંપની કામધેનુ લિમિટેડે નેક્સ્ટ જનરેશન હાઈ-એન્ડ ઈન્ટરલોક સ્ટીલ ટીએમટી બાર ‘કામધેનુ નેક્સ્ટ’ લોન્ચ કર્યા છે. કામધેનુ લિમિટેડના ડિરેક્ટર સુનિલ અગ્રવાલ તથા યુઝર લાયસન્સ એગ્રીમેન્ટ હેઠળ કામધેનુ બ્રાન્ડ ટીએમના અધિકૃત ઉત્પાદક એકમના ડિરેક્ટર્સ, સોમ્સવેર ઈસ્પાત પ્રાઈવેટ લિમિટેડના યોગેશભાઈ પટેલ, અગ્રવાલ ટીએમટી ઈન્ડસ્ટ્રિઝ પ્રાઈવેટ લિમિટેડના રાજન જૈન અને પ્રદિપ અગ્રવાલે બ્રાન્ડ લોન્ચ કરી હતી. આ પ્રસંગે અમદાવાદ અને આસપાસના વિસ્તારોના ૨૦૦થી વધુ ડિલર્સ અને ડિસ્ટ્રિબ્યુટર્સ પણ ઉપસ્થિત રહેવાની આશા છે.

કામધેનુ નેક્સ્ટ એક નવીન પ્રોડક્ટ છે, જેમાં નવા પ્રકારની એન્જિનિયરિંગ સાથે મજબૂત માળખા બનાવવાની તથા કોંક્રીટ-સ્ટીલ ઈન્ટરલોક દ્વારા ૨.૫ ગણી મજબૂતાઈ પૂરી પાડવાના સ્માર્ટ આર્કિટેક્ચરલ કોન્સેપ્ટ જેવી વિશેષતાઓનો સમાવેશ થાય છે. કોંક્રીટ સાથે મજબૂત જોડાણ વિકસાવી શકાય.

# પ્રાંતિજના સીતવાડા બોરીયાની યુવતીએ પિતાના ઘરે ગળેફાંસો ખાધો

પ્રાંતિજ તા. ૨૦

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ તાલુકાના સીતવાડા-બોરીયાની યુવતીને સાસરીયા દ્વારા માનસિક-શારીરીક ત્રાસની સાથે પૈસાની માંગણી કરતાં યુવતીએ પિતાના ઘરે આવી ગળેફાંસો ખાઈ જીવન લીલાનો અંત આણ્યો હતો. પ્રાંતિજ પોલીસ સ્ટેશન ઉપરથી મળતી માહિતી મુજબ પ્રાંતિજના બોરીયા ખાતે રહેતા જવાનસિંહ દોલતસિંહ રાઠોડ કે જેવોની પુત્રી આજથી દસ વર્ષ પહેલા સાબરકાંઠા જિલ્લાના લીખી ખાતે રહેતા અજીતસિંહ છત્રસિંહ ચૌહાણની જોડે નીતાબેનના લગ્ન કર્યા હતાં અને સાસરીયાવાળા નીતાબેનને અવાર-નવાર માનસિક ત્રાસ અને મારઝુડ કરી પૈસાની માગણી કરતાં અને નીતાબેનને તારા પિતાના ઘરેથી રૂપિયા ૫૦,૦૦૦ લઈ આવ તેમ કહીને કાઢી મુકી હતી. જયારે નીતાબેન બોરીયા ખાતે રહેતા તેમના પિતા જવાનસિંહ દોલતસિંહના ઘરે આવી વહેલી પરોઢીયે પોતાના પિતાના ઘરે ગળાફાંસો ખાઈ જીવન લીલાનો અંત આણ્યો હતો. જયારે મૃતક યુવતિને પાંચ વર્ષનો સૌર્યરાજસિંહ પુત્ર પણ છે. જયારે આ અંગેની જાણ યુવતીના પિતા જવાનસિંહ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરતાં પ્રાંતિજ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી મૃતક યુવતીને પ્રાંતિજ સામુહિક આરોગ્ય ખાતે પી.એમ.અર્થે ખસેડવામાં આવી હતી.

## ભેટાલી રાજપૂત સમાજનું ગૌરવ

ભિલોડા તાલુકાના ભેટાલીના વતની ગુણવંતસિંહ એસ. ચંપાવત (પ્રિન્સિપાલ ઠા.ગો. શ્રેયસ, વિદ્યાલય



વડાગામ)ના સુપુત્ર ગુરુદત્તસિંહ ગુણવંતસિંહ ચંપાવત ચાલુ સાલે લેવાયેલ જી.ટી.યુ.ની ફાઈનલ પરીક્ષામાં ૯૦ ટકા સાથે ઉત્તિર્ણ થઈ સાબરકાંઠા તથા અરવલ્લી જિલ્લા રાજપૂત સમાજનું ગૌરવ વધારેલ છે.



ગુજરાત રાજ્ય બાળ અધિકાર સંરક્ષણ આયોગ આયોજિત ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના તાલુકા કક્ષાના વર્કશોપમાં આયોગના ચેરમેન જાગૃતિબેન પંડ્યા, આદિજાતિ વિકાસ નિગમ ગુજરાત ચેરમેન રમીલાબેન બારા, સભ્ય બાળ આયોગ ડૉ. રાજુલબેન દેસાઈ, સાબરકાંઠા જિલ્લા મહામંત્રી ભાજપ અશોકભાઈ જોષી, ખેડબ્રહ્મા તાલુકા ભાજપા પ્રમુખ સુરેશભાઈ સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## ભાટિયા વાળંદ બારેશી સમાજના હોદ્દેદારો નિમાયા

ભાટિયા વાળંદ બારેશી સમાજની જનરલ સભા કુળદેવી શ્રી જ્વાલામાતાજી મંદિર ખાંખ ચોક હિંમતનગર ખાતે મળેલ. જેમાં ચાલુ કારોબારી સમિતિની સમય મર્યાદા પૂર્ણ થતા નવિન ટર્મ માટે જનરલ સભામાં નવિન હોદ્દેદારો સહિત કારોબારીની રચના કરવામાં આવેલ. જેમાં પ્રમુખ તરીકે જીતેન્દ્રકુમાર ચીમનલાલ ભાટિયા (મુનાઈ, એડવોકેટ), ઉ. પ્ર. તરીકે અતુલભાઈ ભોગીલાલ ભાટીયા (મહેસાણા), મંત્રી તરીકે સોમાભાઈ શંકરલાલ ભાટિયા (મુડેટી), સહમંત્રી તરીકે અશોકભાઈ લલ્લુભાઈ ભાટિયા (ઈડર), ખજાનચી તરીકે કમલેશભાઈ અંબાલાલ ભાટિયા (ઈડર), સહ ખજાનચી તરીકે ભાવેશભાઈ ગોવિંદભાઈ ભાટિયા (મહેસાણા)ની સર્વાનુમતે નિમણુંક થયેલ છે.

## યોગ દિન ઉજવાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કરવામાં આવ્યા બાદ દુનિયાભરમાં યોગને પ્રોત્સાહન મળી રહ્યું છે. આ પ્રસંગે દેશ વિદેશના અનેક મોટા કાર્યક્રમો યોજવામાં આવનાર છે. મોદી પોતે લખનૌમાં હાજર રહેશે અને હજારો લોકોની સાથે યોગા કરશે.લખનૌમાં આયોજિત કાર્યક્રમમાં ૩૫,૦૦૦થી વધારે લોકો તેમની સાથે ભાગ લે તેવી શક્યતા દેખાઈ રહી છે. તમામ તૈયારી કરી લેવામાં આવી છે. શહેરમાં ૧૦૦ જુદા જુદા સ્થળો ઉપર પણ ૧૦,૦૦૦થી વધારે લોકો ભાગ લે તેવી શક્યતા છે. આ વખતે યોગ દિવસને મનાવવા માટે ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. યોગને પ્રોત્સાહન આપવા માટે ભારત, અમેરિકા, ચીન, કેનેડા, ઓસ્ટ્રેલિયા સહિતના અનેક દેશોમાં યોગ સાધનાના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે.

ત્રીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને મનાવવા માટે વિશેષ કાર્યક્રમ યોજવામાં આવનાર છે. દુનિયાના ૧૭૦થી વધુ દેશમાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવી રહ્યું છે. અત્રે નોંધનિય છે કે સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ બે વર્ષ પહેલાં ઐતિહાસિક પ્રસ્તાવના માધ્યમથી ૨૧મી જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે મનાવવાની જાહેરાત કરી હતી. સંયુક્ત રાષ્ટ્ર બુધવારના દિવસે ત્રીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસને લઈને સંપૂર્ણપણે તૈયાર છે અને આ કાર્યક્રમ હેઠળ વિશ્વ સંસ્થાની ઓફિસ પર યોગાસનની પ્રતિમા પણ મુકવામાં આવી છે. બીજી બાજુ બીજા આંતરરાષ્ટ્રીય યોગ દિવસના પ્રસંગે કેન્દ્રિય મંત્રી યોગની સાધના કરશે. જુદા જુદા પ્રધાનોને જુદા જુદા રાજ્યોની જવાબદારી સોંપવામાં આવી છે. મોદી લખનૌમાં થનાર કાર્યક્રમમાં ભાગ લેશે.

યોગ સાધનાના કાર્યક્રમમાં કેન્દ્રિય મંત્રીઓ, જુદી જુદી સંસ્થાઓના લોકો, જુદા જુદા રાજ્યોના પ્રધાનો, ઉદ્યોગપતિઓ, સેલીબ્રીટીઓ અને અન્ય વર્ગના લોકો ભાગ લે તેવી શક્યતા છે. રિહર્સલના કાર્યક્રમોમાં પણ હાલ ચાલી રહ્યા હતા.ડિસેમ્બર ૨૦૧૪માં સંયુક્ત રાષ્ટ્ર દ્વારા આંતરરાષ્ટ્રીય યોગ દિવસની જાહેરાત કરવામાં આવી હતી.દેશભરમાં ભારે ઉત્સાહ દેખાઈ રહ્યો છે. ખાસ કરીને મોદી સાથે લખનૌમાં યોગ કરવા માટે લોકો ઉત્સુક છે.

## લોંચ કરાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઉપયોગ કરશે. જીએસટીને કારણે ૨ ટ્રિલિયનના અર્થતંત્રમાં મોટા પાયે પરિવર્તન જોવા મળશે. ૩૦ જૂને યોજાનારો આ કાર્યક્રમ રાતે ૧૧ વાગ્યે શરૂ કરવામાં આવશે. આ કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી ઉપરાંત રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી હાજર રહેશે. આ કાર્યક્રમ માટે પૂર્વ વડાપ્રધાન મનમોહન સિંહ અને એચ. ડી. દેવગૌડા ઉપરાંત તમામ રાજ્યોના મુખ્યપ્રધાનોને આમંત્રણ આપવામાં આવ્યું છે.

અરૂણ જેટલીએ કહ્યું કે જીએસટી કાઉન્સીલે અનેક નિર્ણયો લીધા છે. ૩૦ જૂને તેના પર સંસદમાં વિશેષ સત્ર બોલાવવામાં આવ્યું છે. જેટલીએ કહ્યું, ૩૦ જૂનની મોડી સાંજે તેને સત્તાવાર રીતે લોન્ચ કરવામાં આવશે. આ સત્રમાં જીએસટી કાઉન્સીલના તમામ સભ્યો, તમામ સાંસદો હાજર રહેશે.

અરૂણ જેટલીએ કહ્યું કે આ કાર્યક્રમ સેન્ટ્રલ હોલમાં થશે. આ કાર્યક્રમમાં તમામ રાજ્યોના નાણામંત્રીઓને બોલાવવામાં આવ્યા છે. રાતે ૧૨ વાગે રાષ્ટ્રપતિ તેને લોન્ચ કરશે. આ દરમિયાન એક કાર્યક્રમ થશે જેમાં તમામ લોકો હાજર રહેશે. તે દરમિયાન એક શોર્ટ ફિલ્મ બતાવવામાં આવશે, જેમાં જીએસટીની ખાસિયતો દર્શાવવામાં આવશે.

મોદી સરકારે જીએસટી લાગુ થવાના ઐતિહાસિક પ્રસંગને ધ્યાનમાં રાખીને ૩૦ જૂનની રાતે સંસદના વિશેષ સત્ર બોલાવવાનો પ્રસ્તાવ મુક્યો છે. આ સત્ર ૩૦ જૂનની રાતે ૧૧ વાગે શરૂ થઈને ૧૨.૧૦ વાગ્યા સુધી ચાલશે. આ દરમિયાન રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી, વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નાણામંત્રી અરૂણ જેટલી સંબોધન કરશે. અડધી રાતે યોજાનારું સંસદનું આ વિશેષ સત્ર બંને સદનોનું સંયુક્ત સત્ર હશે. આ બેઠક સંસદના કેન્દ્રીય કક્ષમાં બોલાવવામાં આવશે.

## શંકરસિંહ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કોંગ્રેસ દ્વારા ચૂંટણીની તૈયારીને લઈ લેવાવા જોઈતા રાજકીય પગલાંઓ નહિ લેવાતા હોવા સામે તેમણે નારાજગી વ્યક્ત કરી હતી. આગામી વિધાનસભાની ચૂંટણી જીતવા અંગે હાઈકમાન્ડને માળખુ તૈયાર ના કરવા બાબતે હાઈકમાન્ડને ફરિયાદ પણ કરી. શંકરસિંહ વાઘેલાએ પક્ષની સાથે ક્યાંક મનભેદ અને મતભેદ હોવાનો ઈશારો પણ કર્યો હતો.

તેમણે જણાવ્યુ હતુ કે એકાદ દિવસમાં જ તેઓ પુનઃ દિલ્હી જઈ પક્ષના મોવડીમંડળ સમક્ષ તેમનો મત રજુ કરવાનુ વિચારી રહ્યા છે.

શંકરસિંહ વાઘેલાએ જણાવ્યુ હતુ કે પક્ષ દ્વારા તેમણે જ્યાં પણ સરકાર વિરોધી વાતો બાબતે જોડાવા માટે કહેવામાં આવ્યું છે તેઓ જોડાયા છે. તેમણે ગઠબંધન જો ચૂંટણીમાં કરવા માંગતા હોઈએ તો તે પણ પવિત્ર હોવુ જોઈએ. છેલ્લી ઘડીના સાંધા જેવુ નહિ. તેમણે કહ્યું હતુ કે પ્રભારીની હાજરીમાં નિરીક્ષકોની બેઠકમાં પણ જવાના છે અને ૨૮મીના કાર્યક્રમમાં પણ હાજરી આપનાર છે.

## કોંગ્રેસનો હલ્લાબોલ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અને હસમુખ મકવાણા પણ વિપક્ષના નેતા સાથે ઉભા થઈ જણાવ્યુ કે કયો વિકાસ શહેરીજનોને ચાર મહિનાથી બે-બે ટેન્ડર રદ કરી બસની સુવિધાથી વંચિત રાખવાનો, જાહેરમાં દિકરી જેવડી ઉંમર ધરાવતી મહિલા કર્મચારીની હાજરીમાં અપશબ્દો બોલવાનો, ગલીના ગુંડા જેવી ભાષાનો પ્રયોગ કરવાનો, સ્વચ્છતા સર્વેક્ષણમાં નંબર લઈ આવનાર અધિકારીઓના સન્માનને ભૂલી તેમની ભલામણોની દરખાસ્તો નામંજૂર કરવાનો કયા વિકાસની ચર્ચા કરવી છે.

આ આક્રોશપૂર્ણ શબ્દોની આપલે વચ્ચે જ વિપક્ષના પ્રથમ હરોળના નેતાઓએ તેમની બેંચ ખસેડીને દરવાજા સુધી ધકેલી દઈ દરવાજો સંપૂર્ણ બંધ કરી મેયર, ડે. મેયર તેમજ મ્યુનિ. કમિશનરને ઘેરી લીધા હતા.

આ વેળાએ ભાજપના સભ્યો જાણે કોઈ શોકસભામાં આવ્યા હોય તેમ મૌન બેઠા હતા. તેમણે મેયરના બચાવમાં જવાનુ ટાળ્યુ અને વિપક્ષની વ્યુહરચનાથી ગભરાઈ ગયા હોય તેવુ લાગતુ હતુ. ભાજપ પાસે ચેરમેનના બચાવમાં કહેવા જેવુ કંઈ હતુ નહિ એ સ્પષ્ટ થઈ ગયુ હતુ. આથી વિપક્ષ વધુ આક્રમક બન્યો હતો.

વિપક્ષે ૨૫ મિનિટ સુધી મેયર, ડે. મેયર અને કમિશનરને ઘેરાવ કર્યો હતો. આ દરમ્યાન હાઉસમાં પોલીસ આવી જતાં કોંગ્રેસે તેનો વિરોધ કર્યો હતો અને કોના આદેશને પગલે તમે પ્રવેશ્યા, સામાન્ય સભામાં આવવાનો અધિકાર કોને આપ્યો; જેવા અણિયાળા સવાલો સાથે કોંગ્રેસની મહિલા સભ્યો મહિલા પોલીસને ઘેરી વળી હતી.

દરમ્યાન મેયર પાસેથી માઈક ખુંચવી કોંગીના કાઉન્સીલર જીતુ રાયકાએ જણાવ્યુ કે અમે સભાને લાંછન લાગે તેવું કંઈ જ કરવા નથી માગતા માત્ર ચેરમેન ઉભા થઈ કેમ ગાળો બોલવી પડી ? કેમ મર્યાદા ચુક્યા ? મહિલા અને સભાની માફી માંગે અને નિવેદન કરે.આ વખતે ચેરમેન મનુભાઈ પટેલે સપ્ત ઈન્કાર કરી દીધો હતો. એક તબક્કે નાઝાભાઈ અને ડે. મેયર દેવેન્દ્રસિંહ ચાવડા દરમ્યાનગીરી કરવા ઉભા થયા હતા પરંતુ મનુભાઈના ઈન્કાર પછી તેમણે પણ તે વાત પડતી મુકી હતી.

મેયરે તાત્કાલિક સંકલન સમિતિ રચવા અને એજન્ડા પરની કાર્યવાહી હાથ ધરવા વિનંતી કરી હતી પરંતુ ભાજપનો મોળો પ્રતિસાદ અને કોંગ્રેસની આક્રમકતામાં આ વાત ઓગળી ગઈ હતી.

પરિસ્થિતિ વધુ વણસે તે પહેલાં જ મેયરે સભાની કાર્યવાહી પૂર્ણ થયાની જાહેરાત કરી હતી. આ પછી પોલીસ રક્ષણ હેઠળ બધા સભ્યો ગૃહ છોડી ગયા હતા.

## નવાં કલેવર

● ૪ પાનાનું ચાલુ...

માંનું વાત્સલ્ય પામવા લાગતું, પહેલવાન દૂરથી જ હોંચી... હોંચી... ની બૂમો પાડતા. જયારે અમે તેની માં ની નજીક પહોંચીએ ત્યારે એ પહેલવાન પાસે આવી જતું. જયારે તે પ્રેમપૂર્વક તેના રુંવાટીવાળા શરીર પર હાથ ફેરવતાં ફેરવતાં ગોળ ખવડાવે ત્યારે એ રાજી રાજી થઈ જતું પરંતુ અન્ય ગધેડાંઓની જેમ રેંકતું ન હતું. પોતાનો રાજીપો વ્યક્ત કરવા તે વારંવાર પાંપણો પટપટાવતું પહેલવાના કૂતરા શેરુ સાથે તેને ઘનિષ્ઠ દોસ્તી થઈ ગયેલી. તેથી આવતાંની સાથે જ બંને એકબીજાનાં મોં સુંઘે-ચાટે અને પછી એવી રમતમાં તલ્લીન થઈ જતાં જે મારી સમજની બહાર હતી. જયારે રમતાં રમતાં થાકે એટલે હોંચી તેની માયાળું માં પાસે સસ્તપાન કરવા જતું અમે આ તરફ અને ઘર તરફ પાછા ફરતા. અમે જતા હોઈએ ત્યારે એ અપલક અમને જોઈ રહેતું. જે તેનું રોજનું રૂટીન હતું.

એક દિવસ જોયું તો તેની માં ને ડાબા પગમાં જખ્મમાં જીવાત પડી ગઈ હતી. પહેલવાને તેની પ્રાથમિક સારવાર કરી પણ ફેર ન પડ્યો. છેવટે તેના પગમાં સડો લાગતા તે નક્કામો થઈ ગયો.

વૈશાખનો મહિમો હતો. ખાવા તણખલું ય ન મળે. પીવા પાણી નહીં, કોંચીની માં મોત સામે વધુ ઝઝુમી શકી નહીં. આજે જોયું તો કાગડા, ગીધ અને કૂતરાં ચારેબાજુથી તેની ઉપર ધસી રહ્યાં હતાં. ‘હોંચી’ એકલો તેની માં ને બચાવવા મથી રહ્યો હતો. કોઈ તેથી માં ને ક્ષતિ ન પહોંચાડે તે માટે પહેલીવાર રેંક્યો હતો અને તેની આંખમાં આંસુ આવી ગયા. તેને જોઈને આજ મને એવું લાગ્યું કે જાણે મને કહી રહ્યો છે. ‘જુઓ ને માસ્ટર મારી માં ને શું થઈ ગયું? તે કમ બેઠી થતી નથી. મને ખુબ તરસ લાગી છે.’ તેને કયાં ખબર હતી કે તેની માં હવે રહી નથી. હવે તે કયારેય બેઠી નહીં થાય. અમે ત્યાંથી બે ડગલાં આગળ વધ્યા હોઈશું ત્યાં ધબ્બ અવાજ થતાં અમારા પગ અટકી ગયા. પાછા ફરીને જોયું તો જાણે કોઈએ મારા પર વજ્રઘાત કરી દીધો ન હોય. હોંચી માં ને સંપૂર્ણપણે સમર્પિત થઈ ગયો હતો.